# કેપી હ્યુમન દ્વારા ગણતંત્ર દિવસ ઉજવાયો, ફારુક પટેલના હસ્તે ધ્વજારોહણ કરાયું

સુરત, તા. ૨૮

કેપી હ્યુમન ડેવલપમેન્ટ દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી ભટાર રોડ કેપી હાઉસ ખાતે કરવામાં આવી હતી. કેપી ગ્રુપના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર ફારુક જી. પટેલના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. સ્ટાફગણ અને અતિથિગણે કોવિડ ગાઇડલાઇનનું પાલન કરતા માસ્ક અને દો ગજની દૂરી રાખીને શિસ્તબદ્ધ રીતે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. રાષ્ટ્રગાન બાદ જયહિંદના ઘોષ સાથે આખો માહોલ દેશભક્તિમય થઇ ગયો હતો.



પ્રાસંગિક સંબોધનમાં ફારુક પટેલે કહ્યું હતું કે, દેશની પ્રજા તરીકે આપણી ફરજ છે કે મા-ભોમની રક્ષા કરીએ. સરહદ પર રહીને જે રીતે આપણા જવાનો દેશવાસીઓને સુરક્ષા પૂરી પાડે છે એ જ રીતે આપણે દેશની ભીતરમાં રહીને આપણે પ્રકૃતિનું જતન કરીને દેશસેવા કરી શકીએ છીએ. હાલ વિશ્વ ગ્લોબલ વોર્મિંગ સામે ઝઝૂમી રહ્યું છે અને તેના કારણે માનવજાત પર ખતરો ખૂબ જ વધ્યો છે ત્યારે આપણે રિન્યુએબલ એનર્જીના કુદરતી સ્રોત સોલાર પાવર અને વિન્ડ પાવરના મહત્તમ ઉપયોગ સાથે ગ્લોબલ વોર્મિંગની અસરને ઓછી કરી શકીએ છે. જેથી દેશની સાથે વિશ્વના માનવજાતની પણ મોટી સેવા થશે. આખા કાર્યક્રમનું સંચાલન કેપી હ્યુમનના સેક્રેટરી અફઝલ પટેલે કર્યું હતું.